ગાંધીનગર સમાચાર

તા. ૨-૧-૨૦૧૨, બુધવાર

## તંત્રી સ્થાનેથી.....

## આપના માર્ગો કલ્યાણકારી બની રહો !

મૃત્યુનાં મુખ્ય ચાર કારણોમાં હૃદયરોગ, કેન્સર અને ડિપ્રેશનને કારણે થતી આત્મહત્યા સાથે જ માર્ગ અકસ્માતનો સમાવેશ થાય છે, ત્યારે આ મુદ્દે આપણે હજી પણ કેટલી બેદરકારી દાખવીએ છીએ તે સર્વવિદિત છે. જાન્યુઆરીના પ્રથમ સપ્તાહને 'માર્ગ સલામતી સપ્તાહ' તરીકે ઉજવવામાં આવે છે. ટ્રાફિક પોલીસ આ સપ્તાહ દરમિયાન જરા વધુ પડતી સક્રિય થઈ જતી હોય છે. વિવિધ દ્વિચક્રી વાહનોથી લઈ ટેક્સી અને કાર ઉપરાંત ભારે માલવાહક ટ્રકો તથા પ્રવાસી લકઝરી બસોને આંતરીને 'રોકડી' કરી લેવાની આ મોસમ ગણાય છે. પરંતુ વાહન ચાલકો પોતાની સલામતી અને કાયદાના પાલન જેના મુદ્દે જાગ્રત બને તો 'માર્ગ સલામતી સપ્તાહ' એક સહિયારો સામાજિક ઉત્સવ બની રહે અને પોલીસને ભ્રષ્ટાચાર આચરવાની કોઈ જ તક ન રહે એ પણ એટલું જ સાચું છે. દ્વિચક્રી વાહનચાલકોને હેલ્મેટ પહેરવાનો 'આગ્રહ' નું કામ કરવો પડે? એમણે જાતે સમજવું જોઈએ કે હેલ્મેટ પહેરવાથી એમને પોતાને લાભ થવાનો છે. સરકાર જે કંઈ કાયદા ઘડે છે તે મૂળભૂત રીતે જનહિતાર્થે, ઘણી ઊંડી વિચારણાને અંતે ઘડાયા હોય છે. આપણી જિંદગીથી વધુ કીમતી કશું હોઈ જ ન શકે. હેલ્મેટ એ વાહનચાલકનું શિરસ્ત્રાણ છે, માથાની ઢાલ છે. એ કપરાં સંજોગોમાં માથાનું રક્ષણ કરે છે. મોટા ભાગના માર્ગ અકસ્માતોમાં મૃત્યુનું કારણ માથાની ઈજાને કારણે મગજમાં થતો રક્તસ્ત્રાવ હોય છે. અકસ્માત વખતે છાતીનું અને સમગ્ર શરીરનું રક્ષણ કરવાના ઉદ્દેશથી કાર જેવાં વાહનોમાં સીટ બેલ્ટ આપવામાં આવેલા છે. આ સીટ બેલ્ટ પહેરવાની બાબતે પણ વાહન ચાલકોમાં ભારે બેદરકારી પ્રવર્તતી જોવા મળે છે. કેટલાંક વાહન ચાલકો ચાલુ વાહને ડાફોરિયાં મારતા હોય છે, મસ્તીભર્યાં રોમાન્ટિક ગીતો લલકારતાં હોય છે. મોબાઈલ કાને લગાડીને પૂરપાટ બાઈક ફંગોળતા જુવાનિયાંને જોઈએ છીએ ત્યારે આંચકો અનુભવાય છે. ચાલુ વાહને મોબાઈલ ફોન પર વાતચીત કરવામાં કેટલું ભારે જોખમ રહેલું છે તે સુપેરે જાણતા હોવા છતાં ભદ્ર વર્ગના નાગરિકો અને સુશિક્ષિત વાહન ચાલકો કાયદાની ઐસીતૈસી કરી સતત મોબાઈલ પર વાતો હાંક્યે રાખે છે. આમાં વાહનચાલકોનો વધુ પડતો આત્મવિશ્વાસ જવાબદાર હોય છે. એમને કોઈ ટોકે કે રોકે તો એમનું સ્વમાન ઘવાતું હોય છે અને એ તરત કોઈ ને કોઈ અધિકારી કે પદાધિકારીની ઓળખાણ કાઢી છૂટી જવાની કોશિશ કરતા હોય છે. નશો કરીને બેફામ ડ્રાઈવિંગ કરતા નબીરા કયારે પોતે શહીદ થઈ જાય છે તો કયારેક નિર્દોષ રાહદારીઓનો કે ફૂટપાથવાસીઓનો ભોગ લઈ લે છે. ક્રોસિંગ ઉપરની લાલ લાઈટોનો મલાજો નહીં જાળવવામાં ભારતીયો મોખરે છે. શું આપણને આપણી જાત, આપણો પરિવાર સલામત રહે, આપણો મોભો અને સમય બંને સુપેરે સચવાય, એમાં રસ ન હોવો જોઈએ? જો આપણે ખરેખર સાચી નાગરિક સંવેદના - 'સિવિક સેન્સ' ધરાવતા હોઈએ તો માર્ગ વાહન વ્યવહારને લગતા તમામ નિયમોનું ચૂસ્તીપૂર્વક પાલન કરવાની આપણી પવિત્ર ફરજ બની રહે છે. એમાં સ્પીડ લિમિટ હેડલાઈટ પરનું જરૂરી કવર અને કારના કાચ ઉપરની ડાર્ક ફિલ્મો હટાવવા સહિત તમામ નિયમો આવી જાય. 'શિવાસ્તે સન્તુ પન્થાન: !' તમારા માર્ગો કલ્યાણકારી બની રહો!



### નેશનલ ચોઈ-ક્વાંગ ડો સ્પર્ધામાં ગાંધીનગરનો શાનદાવ દેખાવ

તાજેતરમાં શિવાજી સ્ટેડિયમ જલગાંવ મહારાષ્ટ્ર ખાતે ૧૦મી નેશનલ ચોઈ-ક્વાંગ ડો સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જે સ્પર્ધામાં ગાંધીનગર ટેકવોન-ડોની ટીમના ૧૨ ખેલાડીઓએ ભાગ લીધેલ, જેમાં ૧૧ ખેલાડીઓને મેડલ્સ પ્રાપ્ત થયેલ છે. અંડર-૧૯ ગર્લ્સમાં ચેમ્પિયન્સ ટ્રોપી તથા અંડર-૧૪ બોયઝમાં રનર્સ ટ્રોફી મેળવી છે. ગોલ્ડ મેડલ્સ : ઝલ્લરી મહેતા, પૂજા દવે, સિલ્વર મેડલ્સ : કર્નવી મહેતા, રૂદ્ર દત્ત કવિ, ચાવક શાહ, સોહમ પટેલ, બ્રોન્ઝ મેડલ્સ : રાજવી પટેલ, ટેની ભાવસાનર, વિકેરાજ ઝાલા, નૈનિલ જૈન, રોનક પટેલ ખેલાડીઓને માર્ગદર્શન ટીમનું નેતૃત્વ જતીનભાઈ દવેએ આપેલ છે. સંસ્થાના ગ્રાન્ટ માસ્ટર પ્રકાશભાઈ સંભવાણી, ઉપપ્રમુખ અશ્વીનભાઈ પટેલે અભિનંદન આપેલ હતા.

## આજથી એ. એ. પટેલ કોમર્સ કોલેજ ખાતે Yahoo! 2K 13નો પ્રારંભ

ગાંધીનગર તા. ૫

એ.એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા બે દિવસીય Yahoo! 2K 13નું આયોજન એસ. કે. પટેલ કૅમ્પસ, સેકટર-૨૩ ખાતે કરવામાં આવ્યું છે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સંચાલિત અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા બે દિવસીય Yahoo! 2K 13નું આયોજન એસ. કે. પટેલ કૅમ્પસ, સેકટર-૨૩ ખાતે કરવામાં આવ્યું છે. કોલેજના વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શક્તિ તથા સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન આપવાના હેતુથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમનો પ્રારંભ બપોરે ૩.૦૦ કલાકે કરવામાં આવશે.

કોલેજના એકેડેમીક ઈન્ચાર્જ સુજન પાઠકે કાર્યક્રમ વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે, આ કાર્યક્રમમાં સ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ બે દિવસ દરમ્યાન કોમેડી ડાન્સ, ઈનોવેશન, થીમ બેસ્ડ સ્ટોરી, ગૃપ ડાન્સ, ટ્રેડીશનલ ફોલ્ક ડાન્સ અને ચોઈસ ઈવેન્ટ વગેરે જેવી સ્પર્ધાઓમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ જોડાશે. આ ઉપરાંત કોલેજના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો એક જ જગ્યાએ નાસ્તા ના વિવિધ સ્ટોલ્સ દ્વારા સંવાદ સાધી શકે અને ખાસ કરીને વિદ્યાર્થીઓ આ પ્રકારના અનુભવ થકી વાણિજ્ય અને સંચાલનના સિદ્ધાંતો શીખી શકે તે હેતુથી આ ફનફેરનું આયોજન કરવામાં આવ્યું છે.

## અડાલજ વિભાગનો શાળા રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લાના અડાલજ મુકામે તાજેતરમાં અડાલજ વિભાગની સાત સી.આર.સી. શાળાઓનો રમતોત્સવ યોજાયો હતો. જેમાં ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ રમતોમાં વિજેતા ક્રમ હાંસલ કર્યો હતો. ખો-ખો અને કબડ્ડી સ્પર્ધામાં અડાલજની ટીમ વિજેતા બની હતી.

અડાલજ વિભાગના શાળા રમતોત્સવમાં સાત સી.આર.સી. શાળાઓના વિદ્યાર્થીઓએ ખેલદિલીપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ખો-ખો, કબડ્ડી, ૧૦૦ મી. દોડ, યોગાસન, લાંબી કૂદ, ચક્ર ફેંક, ગોળા ફેક વગેરે સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જિલ્લા શિક્ષણાધિકારી બહાદુરસિંહ સોલંકી, નાયબ શિક્ષણાધિકારી બારોટભાઈ, સરપંચ પી.પી. ભૂરિયા, ઉપસરપંચ જયેશભાઈ પટેલ અને શિક્ષક સંઘના તમામ હોદ્દેદારો અને આગેવાનોએ હાજરી આપી હતી અને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

## સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર મંડળનું સ્નેહ મિલન યોજાશે

ગાંધીનગર, તા.૪

સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર મંડળ, ગાંધીનગરના જીલુભા ધાધલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવાના પરિવારો દ્વારા સમાજનું સ્નેહમિલન તા.૧૩મી જાન્યુઆરી ૨૦૧૩ને રવિવારે બપોરે ૨ થી સાંજે ૭ વાગ્યા સુધી સરકારી લગ્નવાડી, સેકટર-૭ ગાંધીનગર ખાતે યોજાશે.

સમાજના સ્નેહ મિલન કાર્યક્રમમાં રમત-ગમત કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તેથી બહેનો તથા બાળકોને નિયત સમયે હાજર રહેવા ખાસ જણાવાયું છે. સમગ્ર સ્નેહમિલન કાર્યક્રમના ભોજન પાસ દરેક સેકટરના પ્રતિનિધિ પાસેથી મળી શકશે તો તે મેળવી લેવા પણ આયોજકોએ અનુરોધ કર્યો છે.

## આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ સ્પર્ધામાં નાણા વિભાગનો પ્રવેશ

### આરોગ્ય પરિવાર કલ્યાણ ટીમ સામે નાણા વિભાગનો ૪ વિકેટે વિજય

ગાંધીનગર, તા. ૪

આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટની સેમી ફાઈનલ સ્પર્ધા તાજેતરમાં નાણા વિભાગની ટીમ તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની ટીમ વચ્ચે યોજાઈ હતી. જેમાં નાણા વિભાગની ટીમે ૨૫.૨ ઓવરમાં ૬ વિકેટે ૧૨૩ રન કરી ૪ વિકેટે ભવ્ય વિજય મેળવ્યો હતો અને ફાઈનલ મેચમાં પ્રવેશ કર્યો છે.

નાણા વિભાગની ટીમ તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની ટીમ વચ્ચે યોજાયેલી સેમી ફાઈનલ મેચમાં નાણા વિભાગની ટીમે ટોસ જીતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને પ્રથમ બેટીંગ આપતા ૩૫ ઓવરની મેચમાં ૨૮.૧ ઓવરમાં ૧૨૨ રન કરી ઓલઆઉટ થઈ હતી. નાણા વિભાગની ટીમની બેટીંગમાં શૈલેષ પ્રજાપતિ ૪૫ રનમાં ૬ ચોગ્ગા, હિતેષ ઠાકોર ૧૯ રનમાં ૨ ચોગ્ગા અને ધવલ અગ્રાવત ૧૭ રનમાં ૪ ચોગ્ગા માર્યા હતા. નાણા વિભાગની બોલીંગમાં સંદિપ ચાવડા ૨૨ રન ૪ વિકેટ, કમલેશ સોલંકી ૨૭ રન ૨ વિકેટ, હિતેન્દ્ર સેઈલર ૨૭ રન ૨ વિકેટ, ધવલ અગ્રાવત ૬ રન ૧ વિકેટ અને શૈલેષ પ્રજાપતિ ૨૧ રનમાં ૧ વિકેટ મેળવી હતી. જ્યારે આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગની ટીમની બેટીંગમાં વિપુલ પ્રજાપતિ ૩૩ રન, અજય પટેલે ૩૯ રન, શૈલેષ વ્યાસે ૨૩ રન કર્યા હતા. બોલીંગમાં દિપક પરમારે ૧૨ રન ૩ વિકેટ, વિપુલ, દિગંત અને શૈલેષ વ્યાસે ૧-૧-૧ વિકેટ મેળવી હતી.

આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટની સ્પર્ધામાં નાણા વિભાગની ટીમે સેમી ફાઈનલ મેચમાં વિજેતા બની ફાઈનલ મેચમાં પ્રવેશ કર્યો છે. ટીમના શૈલેષ પ્રજાપતિ મેન ઓફ ધી મેચ જાહેર થયા છે. ફાઈનલ મેચ તા. ૭મી જાન્યુઆરી-૨૦૧૩ના રોજ સેક્ટર-૨૧, જીમખાના મુકામે સવારે ૯.૩૦ કલાકે યોજાશે એમ નાણા વિભાગની ટીમના મેનેજર દિનેશ દાણીએ જણાવ્યું છે. નાણા વિભાગની ટીમના મેનેજર દિનેશ દાણીએ તેમજ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ રમતના મેદાનમાં હાજરી આપી ટીમના ખેલાડીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. તથા ફાઈનલ જીતવા માટેની શુભેચ્છાઓ પાઠવી હતી.




હાટકેશ્વરમાં ચાઈનિઝ દોરીના વિરોધમાં દેખાવો કરવામાં આવ્યા હતા.

## હીરા-માણેક જડિત કારની ૧૩મીએ હરાજી થશે

### હરાજીની રકમ મુખ્યમંત્રીના ફંડમાં અપાશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૩ની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. તેના ભાગરૂપે ટાઉનહોલ ખાતે પણ ભવ્ય મેગા એક્ઝીબીશનનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૦૧૩ની સમીટમાં ટાઉનહોલ ખાતે ભવ્ય એક્ઝીબીશનમાં ડોમ ખાતે મુકવામાં આવનાર હીરા-માણેક જડિત કાર તમામ મુલાકાતીઓ માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર સાબિત થશે.

હીરા-ઝવેરાત, મુંબઈના ડાયરેક્ટર રાજેશ બજાજે વિગતે માહિતી આપતા કહ્યું હતું કે, મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આ વર્ષે પ્રથમવાર વાઈબ્રન્ટ સમિટમાં વિશેષ પ્રકારની હીરા-માણેક જડિત કાર રજૂ કરવામાં આવશે. સમિટમાં મુકાનાર આ વિશેષ કારની હરાજી તા. ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યા બાદ યોજવામાં આવશે. જેની શરૂઆતની કિંમત રૂા. પાંચ કરોડ રાખવામાં આવી છે. ખાસ નોંધનીય બાબત એ છે હરાજીમાં મળેલી તમામ રકમ મુખ્યમંત્રીના રાહત ફંડમાં આપવામાં આવશે.

અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે ડોમમાં મુકાનાર આ હીરા-માણેક જડિત કારમાં એક લાખ રત્નો જડવામાં આવ્યા છે. તે ઉપરાંત ૩ કિલો સોનું અને ૨૫ કિલો ચાંદીથી આ કાર સજાવવામાં આવી છે. સેવેરોલેટ કંપનીના આ ડાયમંડ કારને ઓસ્ટ્રિયાની સોરોસ્કી કંપનીએ તૈયાર કરી છે. વધુમાં હીરા-માણેક જડિત ડાયમન્ડ કાર ૧.૫ સી.સી.નું એેંજીન તેમજ ૪ સીટની ક્ષમતા ધરાવે છે.

### સ્વામી વિવેકાનંદ યુવા મંચની સોળમી શિબિર

ગાંધીનગર, તા. ૪

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામના સ્વામી વિવેકાનંદ યુવામંચની સોળમી સિબિર તા. ૬ઠ્ઠી જાન્યુઆરીના રોજ ગિયોડ અંબાજી મંદિરમાં સવારે યોજાશે. જેમાં તજજ્ઞો દ્વારા જીવન ઘડતરના વિષયો પર માર્ગ દર્શન અપાશે. ૨૦મી સમૂહલગ્ન વ્યવસ્થાપન અંગે ચર્ચા થશે. જશુભાઈ ગુર્જર કન્વીનર સ્વામી વિવેકાનંદ યુવામંચ દહેગામ જણાવેલ છે.



વત્સ, ભલે ચૂંટણીમાં હારી ગયો પણ મારી જેમ ભેખ ધારણ ન કરી લેતો મારા ગુરુએ મારા હાર્યા પછી આવુ કરવા કહ્યું હતું...! પણ પોલીટીક્સ જેવી મજા નથી આવતી...!!!

## ઔદિચ્ય બ્રહ્મ સમાજનો સન્માન સમારંભ યોજાયો

### તેજસ્વી તારલાઓને એક લાખ ચોત્રીસ હજાર ત્રણસો નેવું ના ઈનામ અપાયા

ગાંધીનગર, તા.૪

શ્રી દંઢાવ્ય સત્તાવીસ ઝીણી ઔદિચ્ય સહસ્ત્ર વિદ્યોત્તેજક મંડળ દ્વારા સમાજના તેજસ્વી તારલાઓને ઈનામ, શિષ્યવૃત્તિ, સ્મૃતિ ચિહ્ન અર્પણ તથા પૂર્વ તેમજ વર્તમાન હોદ્દેદારોની સેવાઓને બિરદાવતો સન્માન સમારંભ તાજેતરમાં લાંઘણજ બ્રહ્મ સમાજના સૌજન્યથી સાલડી-પીપળેશ્વર મહાદેવ ખાતે યોજાઈ ગયો.

સમાજના સન્માન કાર્યક્રમની શરૂઆતને પ્રવીણભાઈ જાની દ્વારા દીપ પ્રગટાવીને થઈ હતી. વિદ્યોત્તેજક મંડળ દ્વારા આ પ્રસંગે ૧૩૮ વિદ્યાર્થીઓને એક લાખ ચોત્રિસ હજાર નવસો નેવું જેટલું ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. બિપીનભાઈ જાની તરફથી ધો-૧૦ અને ૧૨માં પ્રથમ આવનારને ચાંદીના સિક્કા તથા વિનોદભાઈ યાજ્ઞિક તરફથી સ્મૃતિ ચિહ્નો અપાયા હતા. આ પ્રસંગે પૂર્વ હયાત તથા તાલુ હોદ્દેદારોનું સન્માન પત્ર તથા શાલ આપી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સમારંભના પ્રમુખ તરીકે દિલીપભાઈ ત્રિવેદી, કિશોરભાઈ ત્રિવેદી મુખ્ય મહેમાન તરીકે વિનોદકુમાર યાજ્ઞિક અતિથિ વિશેષ તરીકે જગદીશચંદ્ર ઉપાધ્યાય, જગદીશચંદ્ર વ્યાસ, અશ્વિનભાઈ યાજ્ઞિક હાજર રહ્યા હતા.

સમારોહમાં સમાજના જ્ઞાતિજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. લાંઘણજ બ્રહ્મ સમાજે આજીવન સભ્યો તથા અન્ય સભાસદો બનાવ્યા હતા તથા અન્ય જ્ઞાતિભાઈઓએ મંડળને સારી એવી રકમ દાનમાં આપી હતી. આગામી વર્ષે માણસા મુકામે સમારંભ યોજવા દિનેશભાઈ વ્યાસે નિમંત્રણ પાઠવ્યું છે.

મંડળના પ્રમુખ નારાયણભાઈ વ્યાસ, ઉપપ્રમુખ ભાનુપ્રસાદ યાજ્ઞિક, મંત્રી નવનીતલાલ ભટ્ટ, સહમંત્રી જગદીશચંદ્ર ત્રિવેદી, ખજાનચી નવીનભાઈ ત્રિવેદી તથા કારોબારી સભ્યોએ સક્રીય રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. રીનાબેન વ્યાસે કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. હર્ષદભાઈ વ્યાસ, વત્સલ યાજ્ઞિક તથા અનુપ વ્યાસે મંડળને સારી એવી સેવા આપી હતી. પ્રયંક જાની અને સાથી કલાકારોએ સંગીતનું રસપાન કરાવ્યું હતું. જ્ઞાતિબંધુઓના સહકાર બદલ મંડળે આભાર વ્યકત કર્યો હતો.

## ગાંધીનગરમાં યોજાશે આંજણા ચૌધરી પરિવારજનોનો સ્નેહમિલન સમારોહ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં ફનવર્લ્ડ, ધોળાકુવા પાસે તા. ૬ઠ્ઠી જાન્યુઆરી ૨૦૧૩ને રવિવારે સવારે ૯-૦૦ કલાકે આંજણા ચૌધરી સમાજના પરિવારજનોનો સ્નેહમિલન સમારોહ યોજાશે.

સંસ્થાના પ્રમુખ શ્રી મણિલાલ ચૌધરી અને મંત્રી શ્રી કાંતિભાઈ ચૌધરીના જણાવ્યા મુજબ આ સ્નેહમિલન સમારોહમાં રાજયમંત્રી શ્રી પરબતભાઈ પટેલ અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહેશે. સમારોહમાં તેજસ્વી વિદ્યાર્થી સન્માન ઈનામ વિતરણ વર્ગ-૧ના અધિકારીઓ, ડૉકટરો તથા વિશિષ્ટ એવોર્ડ મેળવનાર પ્રતિભાશાળી સમાજ નાગિરકોનું સન્માન કરાશે.

આ પ્રસંગે વાવના ધારાસભ્ય શ્રી શંકરભાઈ ચૌધરી, ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી મંગીબેન પટેલ, ધાનેરાના ધારાસભ્ય શ્રી જોઈતાભાઈ પટેલ, માણસાના ધારાસભ્ય શ્રી અમિતભાઈ ચૌધરી ઉપસ્થિત રહેશે.

અખિલ ભારતીય આંજણા મહાસભાના કન્વીનર શ્રી હરીભાઈ ચૌધરી તથા અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ શ્રી મણીભાઈ ચૌધરી, આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપશે, સ્નેહમિલનમાં મેટ્રો ગ્રુપના ફાઉન્ડર અને સી.ઈ.ઓ શ્રી નાથાલાલ ડી. ચૌધરી (દગાવાડીયાવાળા), હાલ સેકટર-૨૬ ગાંધીનગર ભોજનદાતા છે. આ પ્રસંગે પધારી સમગ્ર પ્રસંગને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ-મંત્રી દ્વારા વિનંતી કરવામાં આવી છે.



યુનિવર્સિટી કેમ્પસમાં એબીવીપીના કાર્યકરો દ્વારા ગેંગ રેપના મામલે દેખાવો કરવામાં આવ્યા હતા.

## આંતરરાષ્ટ્રીય પતંગોત્સવની તડામાર તૈયારીઓ શરૂ થઈ

ગાંધીનગર, તા.૪

આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવની તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. સાતમી જાન્યુઆરીથી દેશના ૧૦ સ્થળોએ ઉત્સવની શરૂઆત થશે. અમદાવાદમાં આ ઉત્સવ ૧૩મી જાન્યુઆરીથી સાબરમતી રિવરફ્રન્ટ ખાતેથી શરૂ થશે. ઉત્સવમાં ૪૦ દેશોના આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ ધરાવતા ૧૦૦થી વધુ પતંગરશિયાઓ ભાગ લેશે. આ વર્ષે આ મહોત્સવ મુંબઈ, વડોદરા, દિલ્હી અને અમદાવાદ જેવા વિવિધ શહેરોમાં યોજાવવાનો છે. આ શહેરોમાંથી ઘણા બધાં શહેરો જેવા કે મોઢેરા, ધોરડો (સફેદ રણ), સાપુતારા અને સોમનાથ વગેરેમાં આ મહોત્સવ પ્રથમ વાર યોજાઈ રહ્યો છે. અમદાવાદમાં આ મહોત્સવ ૧૩મી જાન્યુઆરીથી સાબરમતી રિવરફ્રન્ટ ખાતે શરૂ થશે અને તે પ્રસંગે ગુજરાતના મહામહિમ રાજયપાલ ડૉ.કમલા બેનિવાલ અને માનનીય મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહેશે. યુનાઈટેડ કિંગડમ, ફ્રાન્સ, ઈટાલી, સિંગાપુર, સ્વિઝર્લેન્ડ, સ્પેન, નેધરલેન્ડ્સ, બ્રાઝિલ, દક્ષિણ કોરીયા, ઈન્ડોનેશિયા, વિયેતનામ, ફિલિપાઈન્સ, થાઈલેન્ડ, કુરેકકો, યુક્રેઈન, ઈઝરાયેલ, ચીન, બેલ્જિયમ, ન્યુઝીલેન્ડ, કંબોડિયા, લિથોનિયા અને મલેશિયા જેવા દેશોમાંથી ૧૦૦થી વધુ જેટલા આંતરરાષ્ટ્રીય સ્તરે નામાંકિત પતંગ રસિયાઓ આ મહોત્સવની રજતજયંતિમાં ભાગ લેવા માટે ઉમટી પડશે. આ ઉપરાંત દેશના ૧૦થી વધુ રાજ્યોના પતંગ રસિયાઓ પણ આમાં ભાગ લેવાના છે. ગુજરાતના ટુરિઝમ વિભાગના કેબિનેટ મંત્રી સૌરભભાઈ પટેલે સતત ૨૫ વર્ષથી આંતરરાષ્ટ્રીય સ્તરના આ પ્રકારના વાર્ષિક પતંગ મહોત્સવનું આયોજન કરી એક નવી પહેલ કરવા બદલ ગુજરાત રાજ્યને અભિનંદન પાઠવ્યા હતા. ચાલુ વર્ષે પતંગ મહોત્સવનું આયોજન મુંબઈ, દિલ્હી, અમદાવાદ, વડોદરા, સુરત, સાપુતારા, ધોરડો (સફેદ રણ), મોઢેરા, સોમનાથ અને માંડવી ખાતે કરવામાં આવ્યું છે. આ મહોત્સવની શરૂઆત ૭મી જાન્યુઆરીએ મુંબઈ અને દિલ્હીથી થશે અને વડોદરા અને સાપુતારા ખાતે તે ૮મી જાન્યુઆરીના રોજ યોજવામાં આવશે. ત્યારબાદ સુરત તથા મોઢેરા ખાતે ૯મી જાન્યુઆરીના રોજ પતંગ મહોત્સવની ઉજવણી બાદ માંડવી, ધોરડો તથા સોમનાથ ખાતે આ મહોત્સવ ૧૧મી જાન્યુઆરીએ યોજવામાં આવશે.

૧૨ તથા ૧૩મી જાન્યુઆરીએ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે અને ૧૪મી જાન્યુઆરીએ અમદાવાદના જુના શહેરી વિસ્તારમાં ઉજવણી સાથે આ મહોત્સવનું સમાપન થશે. ચાલુ વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની ૨૫મી જયંતિ ઉજવાશે. આ મહોત્સવની શરૂઆત અમદાવાદ શહેરમાં ૧૯૮૯માં કરવામાં આવી હતી.

## આરટીઓમાં નવા સૉફ્ટવેર છતાંય લોકોને ધરમના ધક્કા

અમદાવાદ, તા.૪

અમદાવાદ આરટીઓ છેલ્લા ઘણા સમયથી અદ્યતન બની રહ્યુ છે. આરટીઓમાં સિંગલ વિન્ડો સિસ્ટમ, લાઈસન્સ માટે અપોઈન્ટમેન્ટ સિસ્ટમ, અદ્યતન કોમ્પ્યુટર સૉફ્ટવેર જેવી સવલતોથી સજ્જ આરટીઓમાં નાગરિકોને લાયસન્સની પ્રિન્ટ મેળવવા માટે અદ્યતન કોમ્પ્યુટર સૉફ્ટવેર હોવા છતાં ધરમના ધક્કા ખાવા પડી રહ્યા છે. નાગરિક કચેરીમાં સવારે લાયસન્સની પ્રિન્ટ લેવા જાય ત્યારે ફરજ પરના અધિકારી તેને બપોરના અઢી વાગ્યા પછી જ આવવાનું કહે છે. તેમજ આ અંગે નાગરિક વધુ પૂછપરછ કરે તો તેને એવો જવાબ મળે છે કે અમે બપોર પછી જ પ્રિન્ટઆઉટ આપી શકીએ છીએ અને અત્યારે અમે પ્રિન્ટ આઉટ આપવાનું ચાલુ કરીએ તો સર્વર બંધ થઈ જાય છે. તેથી સવારે જે નાગરિક પોતાના લાયસન્સની પ્રિન્ટ આઉટ કઢાવવા આરટીઓ ઓફિસ જાય તો તેને ધક્કો ખાવો પડે છે અને જે તે નાગરિકને ના છુટકે ધક્કા ખાધા પી જ લાયસન્સની પ્રિન્ટ આઉટ મળે છે. એક તરફ અમદાવાદ આરટીઓ આધુકિ ટેકનોલોજીથી સજ્જ થઈ રહ્યુ છે અને આરટીઓમાં અદ્યતન કોમ્પ્યુટર સૉફ્ટવેર વપરાય છે તેવી વાતો કરવામાં આવે છે. પણ અમદાવાદ આરટીઓની હકીકત કંઈક અલગ જ છે. અહીં આધુનિક કોમ્પ્યુટર સૉફ્ટવેર વાપરવામાં આવતું હોવા છતાં સવારે હમેશા ઓફિસમાં સર્વર ડાઉન જોવા મળે છે. આધુનિક કોમ્પ્યુટર સૉફ્ટવેર હોવા છતાં પ્રિન્ટઆઉટ લેવા માટે ધરમના ધક્કા ખાવા પડે છે.